॥ શ્રી ॥

બોલતો કાગળ

નાટકનાં ગાયનો.

"શ્રી દેશી નાટક સમાજ" બ્રાંચ નં. ૨ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી ચંદુલાલ હરસુખરામ પાળશાજી.

હાલ મુકામ સૂર્ય પ્રકાશ થીએટર—સુરત.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "શંકર"
પ્રિ. પ્રેસમાં રતિલાલ દુર્લભરામે છાપી.

કીંમત ૩ આના.

મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

દારૂણસિંહ... ... ... એક કર્નલ.
રણધીર ... ... કેપ્ટન.
મહેન્દ્ર ... ... સીપાઇ.
સુજનસિંહ... ... ...નગેન્દ્રનો પુત્ર.
ભડભડસિંહ ધનનો ઘમંડી બુઢો, કર્નલ દારૂણસિંહનું પ્રપંચી હથીયાર.
રમણ ... ... તેનો પુત્ર.
કમરો ... ... ભડભડનો નોકર.
મોહન ... એક ગરીબનો પુત્ર ભડભડની પુત્રી માનાનો આશક.


સ્ત્રી પાત્રો.

વીરા ... ... કર્નલ દારૂણસિંહની પુત્રી પ્રેમની પ્રતિમા.
મેના ... ... મહેન્દ્રની પુત્રી પાછળથી રણધીરની સ્ત્રી.
માના ... ... ભડભડની પુત્રી પાછળથી મોહનની સ્ત્રી.
રમા ... ...રમણની સ્ત્રી.
સુરબાળા ... ...નગેન્દ્રની સ્ત્રી વીર સુજનની માતા.

કમાન્ડીંગ, ઓફીસર, વારાંગના, સીપાઇઓ વીગેરે વીગેરે.

સ્થળ—શ્રીનગર લશ્કરી છાવણી અને તેની આસપાસનું જંગલ.

સોના ચાંદીના દાગીના ખરીદવાની
ભરોસાદાર દુકાન.



શા૦ નરોત્તમદાસ નગીનદાસની કું૦

દરેક જાતના સોના ચાંદીના દાગીના બનાવનાર તથા
વેચનાર તેમજ દરેક જાતના નવા ઘડીયાળો તથા તેને
લગતો દરેક જાતનો સામાન વેચનાર તેમજ
જુના ઘડીયાળો દુરસ્ત કરનાર.

— એક વખત પધારી ખાત્રી કરવા વિનંતી છે. —

ઠે૦ બરાનપુરી ભાગળ—સુરત.

॥ શ્રી હરી ૐ ॥

'બોલતો કાગળ' નાટકનો ટુંક સાર.

થોડીક સુચના.

આ નાટકની રંગભુમી [illegible] રૂપે ઘણી વધારે [illegible] ધારવામાં આવી છે અને તેમાં [illegible] તરીકે એક ધમંડી અમલદારનું પાત્ર તેના [illegible] માં આવ્યું છે એમ પ્રેક્ષકોની નજરે [illegible] તો;—

સાહે ના બદલો કહી, [illegible],
પ્રેમીને પ્રેમી પુજે [illegible]

એ 'પ્રેમમંત્ર' [illegible] પ્રતિમા ધારા નામની બીના [illegible] નો વસ્તુ પ્લોટ છે. અને તે દ્વારા એક સાચું [illegible] એજ હમારી [illegible] છે, પરંતુ [illegible] તેને [illegible] અનુકૂળ કરવાની કોશીશ કરી છે છતાં [illegible] આપ અનુસરી [illegible] જીવનને જોનાર [illegible] 'બોલતો કાગળ' [illegible] નાટકની [illegible] છે

નાટકની શરૂઆત-પ્રારંભ પ્રાર્થના બાદ. વૃદ્ધ સિપાહી મહેન્દ્રસિંહની પુત્રી મેના, પોતાનો જન્મોત્સવ હોવાથી પોતાના પ્રિયતમ રણધીરને યાદ કરતી પુષ્પમાળા ગુંથતી દેખાય છે ત્યાં તેની સાહેલીઓ તેને મુબારકબાદી આપવા આવે છે. અને મુબારકબાદી આપ્યા બાદ મેના હજુ રણધીર કેમ ન આવ્યો તેનો વિચાર કરે છે. તેટલામાં શિકારથી પાછો ફરેલો અને શ્રમથી તૃષાતુર થએલો કર્નલ દારૂણ આવી પાણીની માગણી કરે છે મેનાનું સૌંદર્ય જોઇ તે ઉપર આશક થાય છે અને મેના પાસે તેના હાથની માગણી કરે છે મેના ખરી વસ્તુ (પોતે રણધીર સાથે પરણવા વચન આપી ચૂકી છે તે) જણાવી તેની માગણીનો ઇન્કાર કરે છે દારૂણ તેને યુક્તિથી સમજાવવાની કોશિશ કરે છે પણ ન સમજતાં તેના ઉપર તે નીચ હુમલો કરે છે. તે વખતે મદદની બુમ સાંભળી કર્નલ દારૂણની પુત્રી વીરા ત્યાં આવી પહોંચે છે, અને પોતાની પુત્રીને જોઇ-શરમાઇ દારૂણ ચાલ્યો જાય છે. મેના, વીરમણી વીરાનો ઉપકાર માને છે. વાતમાંને વાતમાં મેના પોતે કેપ્ટન રણધીરને ચ્હાય છે એવું બોલી જાય છે જે સાંભળી વીરા તેના ઉપર ક્રોધે ભરાય છે. (કારણ કે વીરા પણ કેપ્ટન રણધીરને ચ્હાય છે એટલે મેનને પોતાની હરિફ ગણી તે ઉપર ચીડાય છે) પરંતુ પ્રેમની પ્રતિમા--ગુણવંતી-સુશિયલ વીરા બીજજ-પળે.

ઇજારો તો નથી લીધો વીરા ! તેં પ્રેમ રસ્તાનો
પછી જો ચાહે કોઇ કોઇને તો ગુન્હો શાનો:
ફકીર એ સોરઠીના ચાહે તે સરવે ભરી શકતા,
કે જેને લાગતો નંબર તે માલિક એ રૂપૈયાનો.

એ વિચારી બંધ ગાડી જેવી રથીતિમાંજ ત્યાંથી ચાલતી થાય છે, મેના તેની હાલત જોઇ ખરી બીના ન સમજવાથી દોરંગી દુનિયા ઉપર અજબ થતી વિચાર કરે છે.

પ્રવેશ બીજો—મેનાએ કરેલા ઇન્કારથી પોતાનું અપમાન થએલું માનતો દારૂણ ક્રોધમાં દાખલ થાય છે, અને હવે મેનાને કેવી રીતે કાબુમાં લાવવી તેનો વિચાર કરે છે તથા પોતાના પાપકર્મના સલાહકાર અને ધનના ધમંડી ભડભડને મેનાના પિતા મહેન્દ્રસીંહની કટારી કે જે તેની પાસેથી ખોવાઇ ગઇ હતી અને આજેજ દારૂણના હાથમાં આવી હતી તે આપી તેનાથી મહેન્દ્રના દુશ્મન તરીકે જાણીતા થએલા નરેન્દ્રસિંહનું ખુન કરી તેનો આરોપ મહેન્દ્ર ઉપર ઢોળી પાડવાનું કામ ભડભડને સોંપે છે કે જેથી મેના પોતાના કબજામાં આવે.

પ્રવેશ ત્રીજો—પ્રેગી જોડાની પ્રેમલીલા, રણધીર સાથે મેનાને પ્રેમ રોપ અને મેનામળ્યું ત્યાં વીરા આવી રણધીરને મળે છે અને પ્રેમના સમણાં જોતી વીરા કાંઈ રણધીરને ખુલાસો થાય છે કે રણધીર વીરાને ચાહે છે ખરો પણ એક બ્હેન તરીકે ચાહે છે. આ ખુલાસાથી વીરાના પ્રેમી આત્માને આઘાત થાય છે ખરો પણ બીજીજ પળે.

હંસ જો પ્રેમ હોએ તો પિતાનો પુત્ર માતાનો,
કુટુંબી મિત્રનો તેમજ વળી જે બ્હેન ભ્રાતાનો.
અને નિજ દેશકેરો તેમ પ્રભુનો પ્રેમ કહુ નામો.
પડે જુદાં નથી તેમાં હવસનો એક પણ છાંટો
ખરો પ્રેમી જે પ્રેમીને સુખી જોઇ સુખી થાતો
ખરો તે પ્રેમ પ્રેમીકાજ દુઃખ સહીને સુખી થાતો.

એમ વિચારી મેના રણધીરનો હાથ મેળવી આપી તેઓની બાળપણમાં કુમારીકા જીવન ગુજારવાનો નિશ્ચય કરે છે, ત્યાં ખુન ખુનની બુમ સંભળાય છે, અને જાગતો ઝબકતો મેનાનો વૃદ્ધ પિતા મહેન્દ્ર દાખલ થઈ પોતાનાપર નરેન્દ્રનું ખુન કરવાને માટે આરોપ આવ્યાનો ખુલાસો કરે છે ત્યાં સિપાઈઓ સાથે દાખલ થતા દારૂણસિંહ મહેન્દ્રને કેદ કરે છે.

પ્રવેશ ચોથો—શેઠ [illegible] પાત્ર તદ્દન કોમિક (હાસ્યરસ)ની શરૂઆત અહીંથી થાય છે. [illegible] દગાર અને ધનના મદમાં અન્ધ બને ગરીબોને પિડારનાર [illegible] ને કુદરત તરફનો ફટકો પડે છે કે જ્યારે તે શેઠ ગરીબોને પિડારે છે ત્યારે તેનો પુત્ર રમણ એક ગરીબની છોકરી જોડે લગ્ન કરી ચુક્યો છે એવી ખબર તેનો નોકર કચરો લાવે છે જેથી [illegible] રમણને પોતાના વારસામાંથી રદ કરી રમણ અને તેની સ્ત્રી કમળાને ધુતકારી કાઢી મુકે છે.

પ્રવેશ પાંચમો—મેના પોતાના પિતા તરફ દયા કરવાને સમજાવવા માટે દારૂણ પાસે આવે છે દારૂણ પોતાની જોડે લગ્ન કરવાની શરતે તેના પિતાને છોડી મુકવા મેનાને જણાવે છે મેના તેનો ઇન્કાર કરે છે. દારૂણ વૃદ્ધ મહેન્દ્રને પણ તેની પુત્રી સાથે લગ્ન કરી આપતા છોડી મુકવા અને કોર્ટના હોદ્દાનું પ્રમોશન આપવા જણાવે છે મહેન્દ્ર દારૂણની જાળમાં ફસાય છે પણ તેટલામાં મેના પ્રવેશ કરી તે જાળને ચીરી નાંખે છે. અને મેના વિચાર કરવા બે દીવસની મહેતલ માગે છે અને દારૂણ તેને મહેતલ આપે છે

પ્રવેશ છઠ્ઠો—જ્યારે ભડભડ ગરીબોને પિડારે છે ત્યારે જેમ તેનો પુત્ર રમણ ગરીબની છોકરી [illegible] પરણ્યો છે તેમ તેની પુત્રી

માના પણ ગરીબના છોકરાને ચ્હાય છે અને તે ભડભડને ખબર પડવાથી તેણે પોતાના બારણા ઉપર "નો એડમીશન વીધાઉટ પરમીશનનું" પાટીયું માર્યું છે. છતાં માના છુપી રીતે પોતાના આશક મેહનને મળે છે. આજે મોહન મળવા આવતાં માના છુપી છુપીને પોતાના આશક મોહનને બતાવે છે. માસ્તરાણી થઇ પોતાને શીખવવા રહેવા માટે સમજાવે છે મોહન કબુલ થાય છે. એટલામાં વહેમ પડવાથી ભડભડ આવે છે. માના મોહનને કંડીઆમાં છુપાવે છે ભડભડ બધે શોધ ચલાવે છે અને કંડીઓ ભરે એઇ તથા ઉપરથી જોતા અંદર માણસ જેવું જણાવવાથી મોહનના બાપ અને પોલીસને બોલાવે છે. ભડભડ તેઓ આવે ત્યાં સુધી બહાર જઇ બેસે છે તેટલા વખતમાં માના મોહનને કાઢી બારીથી ભગાડે છે અને તેને બદલે રસોઇયાને કંડીઆમાં બેસાડે છે ભડભડ મોહનના બાપ સાથે લડતો દાખલ થાય છે એટલામાં પોલીસ પણ આવે છે આખરે મોહનને બદલે મલિદા મહારાજ નીકળતાં કોમીક સીનનો કોમીકમાંજ અંત આવે છે.

પ્રવેશ સાતમો—મેનાને મળેલી મેહલતમાં હવે માત્ર છજ કલાક બાકી છે પિતા અને પતિના પ્રેમમાં તણાતી ત્રીશંકુની બની અનુભવતી મેના દારૂણું આવવું અને હવે તેમને મળેલી મેહેતલમાં માત્ર છજ કલાક બાકી છે એમ ચેતવણી આપી પાછો ચાલ્યો જાય છે ત્યાં છુપી રીતે રણધીર મેનાને મળવા આવે છે. પ્રેમી જોડાનું કરૂણારસીક ચીત્ર મેના અને રણધીર વાત કરે છે ત્યાં દારૂણ આવી રણધીરને જુવે છે પણ તેઓને ખબર ન પડે તેમ પાછો બહાર ચાલ્યો જાય છે અને

બહાર જઈ કેદીઓ વીગેરેને તરવાર ગળવાનો હુકમ આપી પાછો અંદર દાખલ થાય છે, મેના રણધીરને પાસેના એક રૂમમાં સંતાડી જાય છે તે દારૂણ જાણે છે તેથી તરતજ હુકમ આપી આવેલ માણસોને એ બાની તે રૂમનો દરવાજો ચતાવી દેય છે, તેના વખમાં પડતાં તેને પકડી નાખે છે, વૃદ્ધ કેદી મહેન્દ્રસિંહને બોલાવી પોતાની લગ્ન કરી આપવા કહે છે, પણ મહેન્દ્ર ઇનકાર કરતાં પોતે જોર જુલમથી લગ્ન કરવા તૈયાર થાય છે, તે વખતે વીરા દાખલ થાય છે અને માણસો પાસેથી રૂમનો દરવાજો તોડાવી નાખી દારૂણસિંહને રણધીર અને મેનાનાં લગ્ન કરી આપવાની ફરજ પાડે છે, અને રણધીર મેના તથા મહેંદ્રને લઈ ચાલતી થાય છે, ટેબ્લો

અંક બીજો.

પ્રવેશ પહેલો—મહેન્દ્રસિંહ ઉપર જેનું ખુન કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે તે દારૂણના પ્રપંચનો ભોગ થઈ પડેલ નગેન્દ્રસિંહની સ્ત્રી સુરબાળા પતીના મૃત્યુ માટે અફસોસ કરતી દેખાય છે, ત્યાં મહેન્દ્ર સાથે વીરા પ્રવેશ કરે છે. અને મહેંદ્રની પાછળ રાજનાં માણસો છે, માટે તેનું રક્ષણ કરજે એમ કહી મહેન્દ્રને સુરબાળાના શરણમાં સોંપી પોતે જાય છે જ્યાં કેટલાક સિપાહીઓ સાથે દારૂણ આવી પોહોંચે છે, એવી ખબર તેનો પુત્ર સુજન લાવે છે. ગભરાએલી સુરબાળા મહેન્દ્રને દેવમંદિર નીચેના ઠાંઠામાં સંતાડી દે છે, દારૂણ આવી પુછતાં

સાફ ઇન્કાર કરે છે દારૂણ તે કેરી બીજાને કોઇ નહીં પણ નગેન્દ્રનો ખુની છે એમ જણાવે છે સતીના હૃદય ઉપર આઘાત થાય છે, પણ બીજીજ પળે દયાની દેવી સારણાંગત વત્સલ સુરબાળા ગમે તેમ હો પણ તેને નજ સોંપવાના નિશ્ચય ઉપરજ સ્થીર રહે છે દારૂણ ઘણી શોધ ખોળ કરવા છતા મહેન્દ્ર ન મળવાથી અંતે પાછો જાય છે સુરબાળાનો અફસોસ, મહેન્દ્રનો પોતે ખુની ન હોવા સોગન ઉપર ખુલાસો પોતાના પિતાના ખુનીને શોધી કાઢવાની સુજનની પ્રતિજ્ઞા..

પ્રવેશ બીજો—કરેલા ઠરાવ પ્રમાણે આજે મોહન માસ્તરાણી બની નોકરી રહેવા આવશે તો તેનેજ નોકરી મળે તે માટે માના પોતાના ભાઇ રમણને ભલામણ કરે છે. રમણ કોઇ મોહિની નામની માસ્તરાણી રહેવા આવે તો મને ખબર આપવી એમ ઠચરાને કહેવા જાય છે ત્યાં રમણની સ્રી રમા અને માના વચ્ચેનો સંવાદ, સ્રી રમાનાવનું ચિત્ર રૂપાઘેલ રમણ તે નણંદ ભોજાઇની વાત સાંભળે છે, અને યુક્તિથી રમાની દુરાકાંક્ષાને દુર કરે છે. મોહિની સ્વરૂપ ધરણ કરી મોહનનું આવવું. કપાનો બેંટાળો, રમા રમણ અને માના મોહન વચ્ચે ચકમક, બોટાળાનું ભાન થવું, ઓટલામાં કચરાનું કચુંબર ભડભડ ભાગી દાખલ થવું, ભડભડ ડોસાનો ડેમો માસ્તરાણીમાં દોભાય છે, આખાક કચરો તે એતી જાય છે.

પ્રવેશ ત્રીજો—મહેન્દ્ર મેના ઉપર લખેલી ચીઠ્ઠી લઇને તે પુગાડવા જતાં સુજન ગાર્ડન રેસ્ટોરનમાં ચાહ પીવા બેસે છે અને ચીઠ્ઠી ત્યાંજ ટેબલ ઉપર મુકી ચાલતો થાય છે, જે ચીઠ્ઠી ભડભડ અને દારૂણના હાથમાં આવે છે પાપી જોડું તે ચીઠ્ઠીનો ઉપયોગ કરી ત્યાંજ આપીદ

ગયેલા રણધીરને મેનના શીયળ માટે શક ઉત્પન્ન કરે છે. રણધીર ફરીથી એકલો ડાકબંગલા પર તરફ જાય છે. પ્રપંચીઓની વધારે પ્રપંચ જાળમાં સુજન પાછો દાખલ થાય છે પણ ચીઠ્ઠી મળતી નથી અને પાછો ભેદની વાત સાંભળે છે.

૬ઠો પ્રવેશ— શકમંદ થએલો રણધીર મેનાના હરેક શબ્દો ઉપર શંકાની નજરથી જોય છે અને નોકરીને બહાને નીકળી પાછળ દીવાલની બારીમાં સંતાઈ રહે છે. છુપી રીતે મહેન્દ્ર પોતાની પુત્રી મેનાને મળવા આવે છે એક તરફ છુપાએલો રણધીર અને બીજી તરફ છુપાએલો દારૂડો ગોળીબાર કરે છે દારૂડાની ગોળીથી મહેન્દ્ર મરે છે પણ એટલામાં રણધીર પોતાની ગોળી નથી છુટી એમ ન સમજતાં આ જ લાગણી પોતાની ગોળીથીજ મહેન્દ્રને મરેલો માને છે ખુનનો આરોપ ધરતાય છે, ત્યાં દારૂડો અને ભાગભાગ આવી પહોંચે છે વીરા રણધીરને નસાડી તેને બદલે પોતે કેદ થાય છે

પ્રવેશ સાતમો— માળવામાં તરીકે રહેલો મોહન ઉપર ભાગભાગ આવીને પડે છે. ફરતો તે બંધ થાય છે રમણને બોલાવી બાપુ આ પરમ ધર્મની લીલા બતાવે છે, રમણ તેનો ફોટોગ્રાફ ઉતારી લેય છે.

૮ પ્રવેશ છેલ્લો— રણધીર કેદખાનામાંથી વીરાનો છુટકારો કરે છે (સીન અખાડો?) સીપાઈઓ પાછળ પડે છે પણ વીરા યુક્તીથી તેઓને પાણીમાં ઉતારી આબાદ છટકી જાય છે.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—[illegible] રણધીર, ભડભડ અને દારૂણ [illegible]નું ખુન કરવાનો ઠરાવ દારૂણુને ત્યાં છુપા વેશમાં નોકર રહેલો સુજન તેઓની દરેક વાત સાંભળે છે અને મહેન્દ્ર તથા નગેન્દ્રના ખુની તરીકે તેઓને ઓળખી લેય છે. તેઓનું પાપ [illegible] કમાન્ડીંગ ઓફીસરની મદદ લેવા જાય છે.

પ્રવેશ બીજો [illegible] અને મેરી[illegible] મેળા[illegible] રૂપમાં [illegible] માતા અને મેજનના હાથ મળવા આદિ

પ્રવેશ ત્રીજો—કેદમાંથી નાશી છુટેલો રણધીર અને વીરા આરસ પરસ [illegible] [illegible] એકાંતમાં પોતાના પીતા દારૂણુને આવતો [illegible] છુપાઈ જાય છે. કેશના આવેશમાં દારૂણુનું [illegible] માટે ત્રાસ આપતા ભડભડને ઠાર કરવાના દારૂણુના [illegible] રણધીર ખુલ્લો થતાં દારૂણુ અને રણધીરનો [illegible] રણધીર દારૂણુના [illegible] પણ છોડી મુકે છે ત્યાં ભડભડ આવી રણધીરને કેદ કરાવે છે પાછળથી ભડભડ અને દારૂણુની તકરાર ભડભડ દારૂણુના છુપા કાગળો બતાવી દારૂણુને ફજેત કરવાની ધમકી આપે છે દારૂણુ ભડભડને ઠાર કરે છે. કાગળો જોતાંજ વીરા તે કાગળો લેવા કુદે છે પણ તરતજ દારૂણુ તેને પણ ઠાર કરે છે સુજન દાખલ થાય તે કાગળો વીરાના હાથમાંથી લઇ લે છે સુજન હવે ખુલ્લો થાય છે દારૂણુ અને સુજનની તકરાર ત્યાં

કમાન્ડીંગ ઓફીસર દાખલ થઈ દારૂણને કેદ કરે છે દારૂણનો ક. ઓ. ઉપરનો ખુની હુમલો અને શુટીંગનો ઓરડર.

પ્રવેશ ચોથો—નીર્દોષ થઇ છુટેલો રણધીર, સુજન, મેના અને સુરબાળા, સુરબાળાને ઘેરથી રણધીરના ઘર તરફ જાય છે.

પ્રવેશ પાંચમો—રણધીર કમાન્ડીંગ ઓફીસરને હાથે હીરાની ડબ્બી ખુલ્લી મુકાવે છે. અને હીરાની યાદદાસ્તમાં કોઇ ઓ ઉપયોગી ખાતામાં પોતા તરફથી સારી મદદ આપવાનું જણાવે છે બાદ બાદ કમાન્ડીંગ ઓફીસર તરફથી રણધીરને કરનલ અને સુજનને ઓનરેરી કેપ્ટનની જે પદ્વી મળી છે તે માટે મુબારકબાદી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી હરિ !

બોલતો કાગળ

નાટકના ગાયનો.

—:(o):—

પ્રારંભ-પ્રાર્થના.

ત્હારે પ્રેમ ભરી

સાકલ્યાદિ, કુંજસ્વરૂપ

પ્રેમથીજ જગત ભર્યું, હૃદયે ધર્યું, સુખદા,
પ્રેમ થકી ઉત્પન્ન કરી જન સહુ તેમાં ભરતો પ્રેમ;
પ્રેમ થકી પોષણ કરી હરિ તું માંગે બદલો પ્રેમ.

અંત એજ આદિ

કર્યાં ત્હારી કૃતિ આ ન્યારી;
કઇ કઇ જ્ઞાની ધ્યાની ભૂલી ભમતા
જાણ્યું પ્રેમ વિનાની કોઈ નહીં
જે નિજ તે રૂપ.

૧

પ્રિયકર દર્શન કાજ પ્રિતમના
તલસે ઘડી ઘડી લોભી લોચનીયાં
મનના માન્યા વિણુ મન ના મનાય
કમળ રવિ કિરણે વિકસાય તન પુલકાય
ભેટવા પ્રિય ઉર કરે તનમનીયાં—
મુહુરત આવી મળ્યો મમ મનહર
મારગ ફુલડાં વેરૂં મોહન વર
આવોજી હળવે હળવે વ્હાલા વીરનર
હૃદય ઉપવન કેરા માળી જીવન સોંપ્યું આ તનમન
દયોમે આનંદ લ્હાણુ-આણુ—રે સુણુ પ્રાણુ

સાહેલીઓ અને મેના— ૨

એજ જાગે સાહેલી સહુ સંગે મળી
કુસુમ દર્શને સખી ગુંજન કરે છે એવું
પોતે ખિલો જગ ખિલાવો
ખિલે છે જેમ કુસુમ કળી—
કરમાં કંકણુ કનક કેરાં સુહવિએ
હીરા મુદ્રીકા આ અંગુલી ધરીએ
લાજ કંકણુ લલનાનું
હીરા સમ શીલ શુભગાનું

પામજો સદગુણ શાળી સ્વામી,
પ્રભુ પથ ગામી,
આશીષ છે અમ્હારી,
આભારી બ્હેનો મ્હારી—

મેના— ૩

રંગી, આ દુનિયાના રંગી બેરંગી તે રંગી બેરંગી,
દુનિયા દોરંગી,
સાગર પાણી શીતળમાં વડવાનળ તેના તળમાં આગ
ને પાણી બન્નાં સંગી;
આજે અંગી મનાતા, કાલે જંગી થાતા; કોણ
જંગી કોણ અંગી.
વાયુ જે દીપક ઠારે, આગને એજ વધારે; પ્રભુની
પ્રભુતા એ દોરંગી.

દારૂણ-ભડભડ— ૪

ક્રૂર બની કંઇ કપટ ઝપટ કરી,
ફસાવી ત્વરીત મુજ વર મુજ આશ;
ધરી બળને, હણી ખળને,
જણાવ મુજ દાક્ષિણ્યતા, દેંઈ મુક્તિના પાશા,
મરવ, સરવ, સણગાર માહી, ઉતારી આવાર;
હડુ બની, જડીલીએ, જુગતી ભીડાવ તેમ
અર્પું નમાવી, સહુમાં વાવી, જો પ્રેમ.

મેના— ૫

રહો આવી અલબેલા જાણું જીવન છો મનમેલા
આ સ્નેહ અધિર હેલા તરસાવો શાને આમ.
ઝાઝુ પ્યારી વિયોગે ભારી, અમે હારાથી ત્રસ્ત કહું શ્યામ
વ્હાલાજી પધારીને પ્રીતિ વધારી આ નારી આભારી
તમારી સુખ ધામ—
હૃદય દાન, દીધું મુલ્ય, તમને શ્યામ પૂરણ કામ
વસી રહી હૃદય પ્રેમી મુર્તિ આ બિચારી નારી
નીશદિન જોઈ વાટ દ્રષ્ટિ પ્રીતિ રંગે ભરી
શ્યામ....શ્યામ....શ્યામ

મેના-રણધીર— ૬

બંધન આ નહિ છૂટે
છટકી જાશો ક્યાં ભોળા
તો જાણું વીર હું સાચા
આ તાર સુતરના કાચા ભેટો બે ને છૂટે—
પ્રેમે વણ્યા છે તાર બે-હાથા જ રોમે—
જે કાષ્ટ કોરી દૂર થાતા
તે ભ્રમર કમલે બંધાતા
એવો પ્રેમતણો છે પાશ વછુટ નહીં તે છૂટે—

ખડખડ અને ફુવારો— ૭

શરમ, શરમ, શરમ, શરમ, બોળવા બેઠો નામ
કરે છે ગુલામ ઇજ્જત લીલામ, ખાનદાનનું જરા ન ભાન
થાય આજ થાય છે બુઢ્ઢાની આબરૂ લીલામ
જાય આજ જાય છે સસ્તામાં ખાનદાન માન;
છે ખરીદનારનો સહાવો તે ફુટી બદામ,
એક—બે—ત્રણવાર, સોદો તમામ,
વન—ટુ—થ્રી ટેમ, સોદો તમામ.
ક્યાં ધનવાનનું ખાનદાન, ક્યાં એ ગરીબ નોકર ગુલામ
નાક કપાવ્યું સહુ બેઆબરૂતામાં થૂથૂ કહી સહુ થૂંકશે ગામ.

રમણ— ૮

કુંજકુંજ ફૂલોમાં આજ ખુશ્બુ ફૂલ ફૂલી કરમાશે,
ફૂલી કરમાશે બિચારું આખર ખરી જાશે,
સરખા દિવસ ન ગયા કોઈના તેમ નહિ જાશે
શેંટતણી સટમાળ અચરાં બધાઈ ઠલવાશે—
દિલજા એ સહુ ફૂલ આજ અભિમાને દેખાશે,
જ્યારે પડશે શાળ ઝપાટો ત્યારે સમજાશે.—

માયા— ૯

માળી વિનાની વાડી, જોબન તણી ફૂલવાડી
હાથે ઝુકાઈ માળી, પણ નાવે જીવન માળી

ગાલ ગુલાબતણી ગઈ લાલી
નરગીસ આંખ નથી મદઝળી.
હવે સંભાળી
જીવન માળી
પાણી વિનાની ડાળી તાણે તણી હરિયાળી.

માના-મોહન—　　　　૧૦

જાઓ જાઓ ના બોલાવો,
મોહન છેક છો નમેરા
સહુ જૂઠાં તમારા કોલ પ્રેમના—
પ્રીત કરવાની રીતથી હજુ છો અજાણ
ભણી પ્રેમપંથ પુણ્યઅર્થ કરો પછી પ્રયાણ
શિખ્યા ન રસિક રસની પિછાણ
ખરું તો શિખાવો ભામા સુજાણ
પ્યારી પાઠ જો પઢાવો પ્રેમ નેમના—
નીશદિન સ્મરીએ નામ તમારૂં
પણ પરવા ન તમે કંઈ કરતા,
દીપકને દરકાર નહીં પણ,
અંગ પતંગ પ્રજળી મરતા,
બેઠો છું હાજર પ્યારી, લેવા શિક્ષા દિલધારી;
બોલો ઝટપટ માના પ્યારી,
જાણ્યા નટખટ તમને ભારી.

માના-મોહન— ૧૧

હાંરે બની નારી નખરાળી,
અંગે ચોળી સાડી ધરી મોહનજી જોવા પધારજો
જો જો નારી મુજને ના વિસારજો
હેતે હૈયાપર હાર કરી ધારજો
રહી પડદે પ્રીતિના રસો ચાખશું
ધુશ્ર મીઠું શત્રુની આંખે નાંખશું
બનો નારી સુજાણ
હેશું પ્રીતિની લ્હાણ
જો જો ભુલી પ્રીતડીથી ડુબી નવ જરી વિસારજો.



અંક ૨ જો

સુરબાળા— ૧૨

હાયફૂંઇષ્ટ ક્યાંથી કષ્ટ, આવ્યું મુજ શીરે અરે,
હૃદય વ્હાય, નવ ઓલ્હાય, બાળે પળ વિપળ અરે.
જીવન ધન લુંટાયું મ્હારૂં સુખ સૌભાગ્ય ગયું ન્યારૂં;
આવ્યું વૈધવ્ય દુઃખ અઠારૂ હૃદય હામ નવ ઠરે.
સુકી રખડતી હૃદમ હાર આલ્યા પ્રભુ ઉર દઇ અંગાર;
શાણું છતાં ન કીધો અહ્યાર, કર્મ લેખ કયમ ફરે.

માના— ૧૩

આવો કોઇ વૈદરાજ, ઓસડ અજમાવો,
આ લાગી લગન વિસરાવો,
પ્યાલો જે પ્રીતિનો હેલી પીવાડ્યો હે,
પાછો કહાવો યા પચાવો.
કહે છે કોઇ કંઇ કાન કંઇ સાંભળે છે
કંઇ કહેવા જતાં આ કંઇ જીભથી નીકળે છે
જવાનું ક્યાંય ને આ પાય ક્યાં આગળ વળે છે
થવું નથી કંઇ બીજું પણ ચિતડું બળબળ બળે છે
ઓ છોડાવો લગન આ મિટાવો અગન, શાંતિ લાવો.

રમા— ૧૪

સુખ હોય જો નારને નાથ તણું,
સહુ સ્વર્ગીય સુખ સહુ તરણું;
સખીએ નહિ માન તણું સમણું,
ધિક્ક તે અધમા ધરે જે રૂસણું;
પતિ પ્રેમ પિયુષનાં પાને કરે,
નિત્ય સ્નેહ સરિતામાં સ્નાન કરે;
બની દાસી વિલાસી ઉદાસી હરે,
અનવાણી કરે પતિસહ વિચરે;
પતિ સેવી સંસાર સમુદ્ર તરે.

કુમારી— ૧૫

બચ્ચા કન્યા, કંઇ સાવધ થા, જોબન જુદો ચસકેલ દીસે;
આ જનચાકર, મોહિની દીપપર, જો મીણ બની પીગળેલ દીસે.
કાંઇ દવામાં છે કાળું એ નક્કી થયું,
શું ખરો છે ભેદ એ તો જાણવું રહ્યું;
પાસને નાપાસનું દરદ નવું થયું,
શરમ ભરમ જુદાનું હવામાં ઉડી ગયું.

મેના— ૧૬

હું તો ઇચ્છું છું પતિ તમારી સેવા;
અને અન્ય વિષયથી નહિ કંઇ લેવા દેવા,

કંચન નહિ પણ સૌભાગ્ય કાષ્ટની બેડી,
મંગળદોરા તે સતી નારની મુડી
કાચા સુતરના તારે બંધાયા એવાં—
જાડે કપડે પણ અંગ સહુ ઢાંકશે—
પતિ અંગે પર્ણકુટી મહાલય સમ થાશે;
પતિસ્નેહ દ્રષ્ટિએ અમે વેચાયા જેવા.—

મોહન અને માના— ૧૭

હર દેશનમાં, પોઝીશનમાં, ઓ યશ આઇ એમ બ્યુટીફુલ મેડમ
જે દેખતા તે સૌ કહેતા, ગુડ ડે બાનુ વેલકમ;
સુકાળી મેડમને હરદમ ખુશાલી આહાહા હાહાહા
આઇગ્લાસ આંખ ઉપર ને માથે વિગ કાળી,
આ મેરા લેડી ફેશનની હાથમાં રૂપાળી.
છે લેડી બુટ પગમાં ને વૅચ ખીસે ઘાલી
મોંપર લગાવ્યો પઉડર ગાલે લગાવી લાલી
(જે દેખતા તે કહેતા જુઓ કાળી મડમ ચાલી.)
હું અલબેલી, નાર નવેલી સુધરેલી કહેવાઉં
બલીહારી; જાઉં—

બડભદ-મોહન-કચરો—૧૭

હે ભગવાન આ પ્યારી મળે ક્યારે
હે ભગવાન આ ભૂત ટળે ક્યારે.

કરે ક્યારે મોહિની પ્યાર
ટળે ક્યારે ગોટો ગમાર
વરી મન્મોહિની સાથ આ વૃદ્ધ બનશે જુવાન
કરો ભગવાન એવું કે આ વૃદ્ધ પહોંચે સમશાન.
ક્યારે વૃદ્ધ બહાર આ છુટે ?
ક્યારે હવે પાપ આ છુટે
એક શેતાન ને ચુડેલ છે બીજી જોડી બની નવરંગ

ભાટભાઈ અને મોહન— ૧૯

છેલ ભડભડ વરરાજ બની મહાલશેરે
જુઓ મોહન બન્યા આજે મોહિની.
હાય જોબનભરી મોહિની પરી જન્મી છે મુજ કાજ—
બનીને જોડી ફરી માણશું સુખ બે સાથે
બનીને જોડા પછી ટાલ પાડશું માથે
ચઢીશું ગાડીએ મીસ્ટર ને મિસિસ સંગાથે
ફરીશું પાલવે બન્ને ભીડી બાથે બાથે
હોટલમાં જઈ બાટલ ફોડી
લઈ હ   હાથ કહેશું-સોડા લ્યો સોડા’
નહી-‘બાસલેટ લ્યો બાસલેટ’—

કચરો— ૬૦

આશક ખરણુચા જેવા માશુકનો પુર દમામ
ચાહે રાંડે કે માંડે, શું અમને તેથી કામ;
જાણે બરડી ઘોડીને પહેરાવી લાલ લગામ
જોડી જુગતી છે એવી, જોવાને મળશે ગામ.
(હસવાનું)

વર લોભ ધરે કન્યાનો, જમવાને માંગે જાન,
ઘોડાને બદલે ખાંધો, ગીતડાંને બદલે કાણુ;
અહીં માંડવડો મંડાયો, ત્યાં ફાટ્ટ ગયાં સ્મશાન,
ચોરીને બદલે ચોકો ને 'રામ બોલો ભાઈ રામ'
(હસવાનું)



અંક ૩ જો

કંચનીઓ— ૨૧

પ્રેમે ભરી આ પ્યાલી,
પીઓ શુરા શુરવાળી,
રંગીલી એ રંગવાળી,
મન મોહક મદથી ભરી ભરી
રસબસ રસમાં થઇ મ્હાલો,
આલીંગી લલના લાલા,
પ્રેમે જાની મતવાલા,
પાઓ પીઓ મદ પ્યાલા.

રમણુ-મોહન— ૨૨

આવો આવો ભણુતર ભણુાવો કંઇ સાને શીખાવો, ને ચેલા
બનાવો આ છેલ
જાઓ જાઓ છેડા શાને મુકો કેડા
સતાવો ના નેડા લાગ્યો રંબરેલ
ઉલટ્યો હું સહુ ભાનભોધને આ મુખ પ્યારૂં પ્યારૂં રે
શીખો જેન્ટલમેનનાં લક્ષણુ આ દેખાય ન સારૂં રે

have some respect
(હેવ સમ રિસ્પેકટ)
come in private
(કમ ઇન પ્રાઇવેટ)
out of ettiquette
(આઉટ ઓફ એટીકેટ)
ના જોઇએ પેટ-હેટ
માનો મનમાની પ્યારી તલબ ની ખેલો આ જુવાનીના ખેલ

રમા-મોહન અને } — ૨૩
રમણ તથા કચરો }

ક્યાંથી આવી રે છટેલી તું છીનાળ
કે કુંકાણ કરવા કાજ તું ખડી
છાની છાની રે હવે તું ચાલી નાર
શું પીછાણ તને પ્રપંચની પડી
જોઇ તને ચિત્ત અરરર અરરર બડકે મ્હારૂં બળે
અરે જાણે પ્રજાળી હોળી
ચુપ ચુપ અરે જા અરરર અરરર આશું ચપચપ કરે
આવી જોડી મળે નાં ભોળી
થઇ શાણા રે ઇજ્જત મેલીને લોભાયા
ઠીક પરખાણુ રે આતો મોહનની છે માયા

વાહ મોહનિયા વાહ
નપટ નીકળને
રાંડ તું ટળને
બસ જા, દૂર થા
હાય હાય હાય
જોવા જેવીરે આજે ખુબ ધમાધમ જાગી
નહિ જંજાળી ટીકમાં ખાખી, ખુબ કરે ધાડ ખુબ [illegible]—

ભાઇલાલ-કચરો-રંભા }— ૨૪
રમણ-આના-મોહન }

આજ વધાઈ, આજ વધાઈ, આવો સહુ સંગાથ
ઇચ્છિત વર વરવે [illegible] નાથ
આનંદીને આનંદ ઉપજ્યુ
ને પ્રીતમને માણ્યુ
જે જોઇએ જેને તે તેને આપ્યું હાથ
થાળામાં ફુલ નાખો ખુબ [illegible],
વિક્ટરીઆનો નાટક ખુશી [illegible]

રણધીર-મેના, — ૨૫
સુરબાળા-સુજન

આશ પુરણ કરશે જગની [illegible] નટવર પુરણ કામ
શ્યામ સુંદરવર સુંદર નામ

ઘટઘટ વ્યાપક ઘનશ્યામ;

હાંહાં રાધાવલ્લભ રઘુરામ.

દીનના દાતા, જગતના ત્રાતા, ભક્તોના જીવ પ્રાણ.

બેડા સૌ તારનાર આવે ફિરતાર પાર તેનો આધાર પારસેશીલ રે

આવે દુઃખો તે હટાવે દિપાવે એ સતીઓની લાજ સત્ય

સ્વામી હરે,

આપો તેના ગુણગાન

સતીયાં તરશે, પાપી મરશે, દુઃખને હરશે, રઘુકુલદિપક રામ

શાંતિ!   શાંતિ!!   શાંતિ!!!

સમાપ્ત.

.. ગાયન

..ના ચોપડી દરેક રૂા૦

૦–૦–૦ કીમતે કંપનીના ઓફીસમાંથી મળશે.

ઝવેરી ચંદુલાલ દલસુખરામ.

માલેક " શ્રી દેશી નાટક સમાજ."

૭ [illegible]		
૮ [illegible]		
૯ ઉમાદેવડી	[illegible]	
૧૦ વીજુવેલી	૩૫ [illegible] માગી	
૧૧ વિજયા વિજય	૩૬ [illegible]	૫૭ દમા[illegible]
૧૨ મદન મંજરી	૩૭ [illegible]	૫૮ દેવી દમયંતી
૧૩ ઉ:ષમાબુ	૩૬ [illegible]	૫૯ દેવી દ્રૌપદી
૧૪ મેહિની ચંદ્ર	૩૭ નરસી હ મેહતા	૬૦ માભાવી-વીર
૧૫ ગીતા સુંદરી	૩૮ [illegible]	૬૧ ધર્મ નીજ મધુર[illegible]
૧૬ સતી સીતા	૩૯ કૃષ્ણ સુદામા	૬૨ આર્ય વીજય
૧૭ રૂકિમણી હરણ	૪૦ [illegible]	૬૩ અમર યોગી
૧૮ શ્રી ભદ્રાયુ	૪૧ રાજરત્ન	૬૪ બાદશાહી [illegible]
૧૯ સતી દ્રૌપદી	૪૨ પ્રહ્લાદ વિજય	૬૫ પ્રતાપી પ્રે[illegible]
૨૦ [illegible]	૪૩ કૌરવ પાંડવ ભા.૧	૬૬ ચિતોડનો [illegible]
૨૧ શ્રી સંન્યાસી	૪૪ [illegible]	૬૭ કામ લતા
૨૨ [illegible] દુનીઆ	૪૫ કૌરવ પાંડવ ભા.૨	૬૮ સત્યવાદી હરીશ્ચંદ્ર
૨૩ સતી પદ્મિની	૪૬ [illegible]	